# ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં વધારો થયો

### ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૭ કેસ નોંધાયા : શહેરમાં ૧૦, ગ્રામ્યમાં ૭ કેસ : રાયસણમાં ૪ વર્ષનો દિકરો સંક્રમિત થયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં આંશિક વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલની તુલનામાં થયેલા આ વધારાથી તંત્રની ચિંતામાં જરૂર વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૭ કેસ નોંધાયા છે. ગઈકાલે ૩ કેસ નોંધાયા હતા.

શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં આજે ૧૭ કેસ નોંધાયા છે. જ્યારે ૪૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. શહેરમાં ૨૬ દર્દીઓને અને ગ્રામ્યમાં ૨૦ દર્દીઓને ડિસ્ચાર્જ આપવાનું આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ તમામ દર્દી પુરૂષ દર્દી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલ અને ગાંધીનગર તાલુકામાં ૩-૩ કેસ તેમજ એક કેસ દહેગામમાં નોંધાયો છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ કેસ શહેરી વિસ્તારમાં નોંધાયા છે.

દહેગામના દહેગામ શહેરમાંથી એક કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકામાં માધવગઢ, દોલારાણા વાસણા અને અડાલજ ગામમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં જાસપુર ગામેથી અને કલોલના બે અર્બન સેન્ટરના વિસ્તારોમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસ ૯૦ જેટલા સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કેસો ૯૯૦૦ની નજીક પહોંચવા આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કલોલમાં ૪ મહિલા દર્દીઓ છે. રાયસણ ગામમાં ૪ વર્ષનો દિકરો કોરોનાથી સંક્રમિત થયો છે.

શહેરમાં આજે રાયસણમાં બે કેસ, સરગાસણ, કોબા, સુઘડ, ઈન્ફોસીટીમાં એક કેસ નોંધાયો છે.

આ ઉપરાંત સે. ૫, ૧૨, ૨૧ અને સે. ૧૪ માં પણ એક-એક કેસ નોંધાયો છે.

શહેરમાં હાલ ૧૦૦ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.




ગંદકી, કચરો અને અસ્વચ્છતા જાણે ગાંધીનગર માટે કાયમી શબ્દો અને કાયમી સમસ્યા જવા બની ગયા છે. કચરાપેટીઓ ઠેર ઠેર મુકવામાં આવી છે પરંતુ કચરો તો જયાં ત્યાં ઠલવાયેલો જ નજરે ચઢે છે. સેકટર-૬માં અપના બજારની પાછળ શાકમાર્કેટ પાસે કચરો ફેલાયેલો જોવા મળી રહ્યો છે. શાકમાર્કેટ પાસે જ કચરો ફેલાયેલો હોવાથી રાહદારીઓ અહીંથી પસાર થતાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.

## જિલ્લા કક્ષાની યુવા સંસદ ૨૦૨૨ સ્પર્ધા યોજાઈ

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળના નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા ગાંધીનગર, અમદાવાદ, હિંમતનગર અને અરવલ્લી જિલ્લાના યુવાનો માટે જિલ્લા કક્ષાની યુવા સંસદ ૨૦૨૨ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાષ્ટ્રીય સેવા યોજના, નેહરુ યુવા કેન્દ્ર સંગઠનના યુવાનો અને અન્ય સહભાગીઓએ ભાગ લીધો હતો અને બેટી બચાવો બેટી પઢાવો, ડીજીટલ ઈન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન, સ્કીલ ઈન્ડિયા અભિયાન વગેરે વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ સ્પર્ધામાં જ્યુરીમાં ડો.શિલ્પા વાલા, ડો.ઉમેશભાઈ તરપડા, વરિષ્ઠ પત્રકાર કુંતલભાઈ નિમાવત, પ્રોફેસર ચંદ્રેશ રાઠોડ, વાઈસ પ્રિન્સીપાલ દર્શનભાઈ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને યુવાનોનું મૂલ્યાંકન કરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા યુવા અધિકારી પંકજ મરેચાએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં ગાંધીનગરથી આદિત્યસિંહ જાડેજા પ્રથમ અને પાર્થ દ્વિતીય, અમદાવાદમાંથી તેજસ ભંડારકર પ્રથમ અને રાહુલ ઝા દ્વિતીય, હિંમતનગરથી ધવલકુમાર પ્રથમ અને કૌશિક કાકડિયા દ્વિતીય, અરવલીના હેત મહેતા પ્રથમ સ્થાને અને કિંજલ રાજપુરોહિત બીજા ક્રમે રહ્યા હતા. જિલ્લા કક્ષાના વિજેતાઓ રાજ્ય કક્ષાની યુવા સંસદમાં તેમના જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# શહેરમાં ઠેર - ઠેર રખડતા કૂતરાઓનો ત્રાસ યથાવત

### વધતી જતી કૂતરાઓની સંખ્યાના કારણે નાના બાળકો, વૃધ્ધો તથા શહેરના નાગરિકોમાં ચિંતા અને ભયનો માહોલ

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં રખડતાં કૂતરાઓનો ત્રાસ વધી રહ્યો છે. શહેરીજનોમાં રખડતાં કૂતરાઓના કારણે ચિંતા અને ભયનો માહોલ વર્તાઈ રહ્યો છે.

આપણને કેટલાંક બંગલાઓ કે ફાર્મ હાઉસ કે એપાર્ટમેન્ટના ઝાંપા ઉપર બોર્ડ લગાડેલા જોવા મળે છે કે કૂતરાથી સાવધાન... અર્થાત અંદર પાળેલા કૂતરા છે અને તે અજાણી વ્યકિત પ્રત્યે દયાભાવ રાખશે નહીં! સારી વાત એ છે કે આવા બોર્ડ મૂકીને ચેતવવામાં આવે છે! પણ છેલ્લા થોડાં વર્ષોમાં ગાંધીનગરમાં કૂતરાઓની સંખ્યામાં વધારો થયો છે અને થઈ રહ્યો છે તેના કારણે હવે કદાચ ગાંધીનગર શહેરના પ્રવેશ દ્વારો પર 'ગાંધીનગર મહાનગરપાલિકા આપનું હાર્દિક સ્વાગત કરે છે' ના હોર્ડીંગની સાથે એટલા જ મોટા અક્ષરોમાં 'કૂતરાથી સાવધાન' ના હોર્ડીંગ મૂકવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.



કાયદા કે બંધારણની જોગવાઈઓની ટીકા કરવાનો કોઈ આશય નથી પણ ખરેખર આપણી કમનસીબી છે કે માનવ જીંદગી કરતા પશુઓની જીંદગીને વધુ મહત્વ મળી રહ્યું હોય તેવા ચૂકાદા આવી રહ્યા છે. કોઈ એકાદ વ્યકિત કે જીવદયાના નામે ચલાવાતી સંસ્થા દ્વારા પશુ પક્ષીઓ અંગે અદાલતમાં રક્ષણની દાદ માંગે અને તેવા કેસમાં સમગ્ર માનવ વસ્તિને કાયમ માટે ત્રાસ-પીડા ભોગવવા પડે તેવા નિર્દેશો જારી થાય ત્યારે એટલી ટકોર જરૂર કરવી પડે કે કાયદા મનુષ્યની સુખાકારી, રક્ષણ માટે છે કે પછી માનવજીવનને રંજાડતા પશુઓના ત્રાસને પોષવા માટે છે? ધાર્મિક આધારોના કારણે માનવજીવનમાં કોઈને કોઈ પશુની પૂજા કરવાનો મહિમા છે. પશુ-પક્ષીની હિંસા કરવાની વાત તો દૂર રહી પશુને મારવાની પણ ચેષ્ટા કરવામાં જનતા ડરે છે. પશુઓને ખાવાનું આપવાનો નિયમ કરનારી પ્રજા કદાચ પશુઓના ત્રાસને સહન કરવાને લાયક ગણી શકાય.

અહીં વાત માત્ર કૂતરાઓના ત્રાસની જ કરવી છે. કૂતરા કરડવાના બનાવો બની રહ્યા છે અને હડકવા જેવો જીવલેણ રોગ ન થાય તે માટેના ઈંજેકશન લેવા સારવાર લેવા માટે જનતા મજબૂર થાય છે.

એક પણ વિસ્તાર, શેરી-ગલી, જાહેરમાર્ગ એવો નથી જયાં કૂતરાના ટોળા જોવા ન મળે! કૂતરાઓની સંખ્યામાં એક સાથે મોટી સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કૂતરાને પકડીને મૂકવા કયાં જવા? ગામ બહાર મૂકી આવો તો તે વાહન શહેરમાં પાછું આવે તે પહેલા જ તે કૂતરા પાછા પોતાના વિસ્તારમાં પહોંચી જતા હોય છે. ચારે તરફ કૂતરાઓનું સામ્રાજય છવાઈ ગયું છે. કૂતરાઓ-રખડતી ગાય, આખલાઓ પાછળ દોડે અને આ ઢોર પકડીને નાગરિકોને હડફેટે લે તેવા બનાવો બને છે.

કૂતરાઓ નાના બાળકોને તો દુશ્મન સમજતા હોય તેમ પાછળ દોડે, બટકાં ભરી લે અને આવા બાળકોને પીડાદાયક ઈન્જેકશન લેવા પડે છે. શેરી-ગલીઓમાં નીકળતા વૃધ્ધોની હાલત પણ અવી થઈ ગઈ છે કે પહેલા બારણું ખોલીને જોવે કે શેરીમાં કૂતરા તો નથી ને? પછી જ બહાર જવાની હિંમત કરે છે અને કેટલાકને તો હવે ના છૂટકે હાથમાં લાકડી લઈને ચાલવા કે દેવ દર્શને જવું પડે છે. ટુ-વ્હીલર વાહનચાલકો પાછળ કૂતરા દોડે અને ભયના કારણે વાહનચાલક કાં તો ભટકાઈ પડે કાં તો વાહન સ્લીપ થઈ જાય અથવા કોઈને હડફેટે લે તેવા અકસ્માતો કૂતરાઓના કારણે થઈ રહ્યા છે. જીવદયાના નામે કૂતરાઓનો બચાવ કરનારાઓ અને આપણ શાસકો તેમજ તંત્રએ એટલું તો જરૂર સમજવાની જરૂર છે કે કૂતરાની જિંદગી કરતા એક માનવ જિંદગીનું મૂલ્ય અનેકગણું છે.



ગાંધીનગરના બેસ્ટ બોય ફાઈનાન્શિયલ સોલ્યુશન દ્વારા સેક્ટર-૧૧માં ઈન્વેસ્ટર અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ફ્રેક્લીન ટેમ્પલ્ટન મ્યુચ્યુઅલ ફંડના પ્રવિણ સુમેસરાએ ઉપસ્થિત રોકાણકારોને માર્ગદર્શન આપ્યું હતું.

### ઉચ્ચ શિક્ષણના નોન FRC અભ્યાસક્રમોમાં

## ખાનગી કોલેજ/યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવતા એસસી અને એસટી કેટેગરીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે રાજ્યના એસસી અને એસટી કેટેગરીના વિદ્યાર્થીઓના શિક્ષણના વિશાળ હિત માટે રાજ્ય સરકારે ફ્રી-શીપ કાર્ડ યોજના અંતર્ગત મળતી શિષ્યવૃતિનો બોજ વિદ્યાર્થીઓ વતી રાજ્ય સરકાર ઉપાડશે અને આ ફી સીધે સીધી જે તે સંસ્થામાં સરકાર દ્વારા જ જમા કરાવી દેવાશે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આજની કેબિનેટમાં બેઠકની વિગતો આપતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ મુજબ આજે વિદ્યાર્થીઓના હિતમાં વધુ એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. ઉચ્ચ શિક્ષણના નોન FRC અભ્યાસક્રમોમાં ખાનગી કોલેજ/યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવતા એસસી અને એસટી કેટેગરીના વિદ્યાર્થીઓના વિશાળ શૈક્ષણિક હિતોને ધ્યાને રાખી આ યોજના હેઠળની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવશે. તે માટે નવી FRC/Fee Fixation Committee અંગે વિચારણા કે નિર્ણય ન થાય ત્યાં સુધી (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે તા. ૯/૨/૨૦૨૨ના પત્રથી જે નિર્ણય લેવામાં આવેલ છે. તે મુજબની વ્યવસ્થા (નિર્ણય) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને તે પછીના વર્ષોમાં પણ યથાવત રહે અને (૨) આદિજાતી વિકાસ વિભાગ દ્વારા પણ ST કેટેગરીના વિદ્યાર્થીઓને થતી શિષ્યવૃત્તિની ચુકવણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા લેવાયેલ નિર્ણય અનુસાર થાય તે અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે લીધેલા આ ઐતિહાસિક નિર્ણયને પરિણામે અંદાજિત ૬ હજાર જેટલા એસ.સી કેટેગરીના વિદ્યાર્થીઓને લાભ થશે જેની પાછળ રૂ.૧૨ કરોડનો ખર્ચ થશે. જ્યારે એસ.ટી કેટેગરીના ૧૨ હજાર વિદ્યાર્થીઓને લાભ મળશે જેની પાછળ રૂ.૨૪ કરોડનું ચૂકવણી સરકાર કરશે.

## સેકટર-૨૮ બગીચા પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

શહેરના રીલાયન્સ ચોકડી નજીક મસ્તાના પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષ નજીક થી એક માસ અગાઉ ચોરી કરેલા બાઈક સાથે શખ્સને સેકટર-૨૮ ગાર્ડન પાસેથી એલસીબી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બાતમી મળી હતી કે ઈટાદરા ગામનો યુવક ચોરીના બાઈક સાથે સેકટર-૨૮ ગાર્ડન પાસે ઉભો છે. જે માહિતીને પગલે એલસીબી પોલીસે સેકટર-૨૮ બગીચા પાસેથી અંકેશ ઉર્ફે અંકો પ્રહલાદભાઈ પટેલ (ઉં.૩૨, બાગવાસ ઈટાદરા માણસા)ને ચોરીના ડીલક્ષ બાઈક નં.જી.જે.૧૮.એ.જે.-૬૬૮૮ સાથે શંકમંદ હાલતમાં પકડી પાડ્યો હતો.

## ધો.૧૦-૧૨ની પરીક્ષા ૨૮મી માર્ચથી ૧૨ એપ્રિલમાં યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના જણાવ્યા અનુસર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનું ટાઈમટેબલ આવી ગયું છે. યાદીમાં જણાવ્યા અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના નિયમિત, રીપિટર અને પૃથ્થક ઉમેદવારોની જાહેર પરીક્ષા તેમજ ધોરણ ૧૦ સંસ્કૃત પ્રથમ અને ધોરણ ૧૨ સંસ્કૃત માધ્યમની પરીક્ષાઓ ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ દરમિયાન લેવામાં આવશે. જેની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓના પ્રિન્સિપાલ, શિક્ષક અને વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

એસએસસી ધોરણ-૧૦ના તમામ પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જ્યારે વોકેશનલ કોર્સના વિષયકોડ ૪૧, ૪૨, ૪૨, ૪૪, ૫૦, ૭૬, ૭૮, ૮૦ વિષયના પ્રશ્નપત્રના ગુણ ૩૦ રહેશે

પ્રશ્નપત્રનો સમય સવારે ૧૦થી ૧૦-૧૫નો રહેશે, જ્યારે ઉત્તર લખવાનો સમય ૧૦.૧૫થી ૩.૧૫ સુધી રહેશે. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલા હાજર થવાનું રહેશે.

**ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનું શેડ્યુલઃ**

પરીક્ષાનો સમય બપોરે ૩.૦૦થી સાંજે ૬.૧૫ સુધીનો રહેશે એચએસસી ઉમેદવારો માટે દરેક પ્રશ્નપત્રમાં ૧૫ મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. જે દરમિયાન પરીક્ષાર્થીએ ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટે શરૂઆતની ૫ મિનિટ અને ૧૦ મિનિટ પ્રશ્નપત્ર વાંચવા માટે ફાળવાશે, જ્યારે ઉત્તરો લખવા માટે ૩ કલાકનો સમય આપવામાં આવશે. ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનું ટાઈમ ટેબલ-ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર સંગીત સૈદ્ધાંતિક (૧૪૬) વિષયની પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦થી બપોરે ૧૨.૪૫નો રહેશે.

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર કોમ્પ્યુટર પરિચય (૩૩૧) વિષયની સૈદ્ધાંતિક પરીક્ષા ઓએમઆર જવાબવહીમાં લેવાશે. જેનો સમય ૩.૦૦થી ૫.૧૫નો રહેશે.

- ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર હેલ્થકેર (૪૦૧), રીટેઈલ (૪૦૩), બ્યુટી એન્ડ એડવાન્સ (૪૦૫), ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ (૪૦૭) વિષયની પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦થી ૧૧.૪૫નો રહેશે.

### લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

તો મા-બાપે ઉમદા આશાઓ સાકાર કરવા ઉત્તમ આચરણ દાખવી સંતાનોના ખુદ આદ્દ્શ બનવું પડશે. 'વડ તેવા ટેટા ને બાપ એવા બેટા', 'મોરનાં ઈંડા ચીતરવા ના પડે.' - આ કહેવતો નજર સામે રાખજો. સંસ્કાર એ સમાજનું આભૂષણ છે જેના થકી માનવી અને સમાજ શોભે છે. આજના સમયે બાળકના ચોકીદાર નહીં પણ મિત્ર બની જાગ્રત સક્રિય મા-બાપની ભૂમિકા નિભાવજો. ઘરમાં સદ્વાંચનની ટેવ કેળવજો. ફુરસદની પળોમાં સંતાન શું કરે છે તે જરા ઝીણી નજરે જોજો. એની સાથે વાતચીત કરવાનું હરવાફરવાનું રાખજો. એના ભાવજગતને સમજવા મથજો. એના શિક્ષણ કે અધ્યાપક સાથે સંપર્ક રાખજો. છોડ નાનો હોય ત્યાં સુધી ટ્રીગાર્ડ - વાડોલિયું અવશ્ય જોઈએ નહિ તો ઘેટાં - બકરાંયે બોટી નાખે... મોટું વૃક્ષ થયા પછી હાથી બાંધશો તોય વાંધો નહીં.

દોસ્તો, સમયનો સાદ છે આપણં સંદાન કોઈ મનોરોગનો ભોગ ન બને એ માટે મા-બાપ તરીકે સજાગ ને સચેત રહીએ... લાડકાં સંતાનને કેળવીએ.... આંખો ખુલ્લી રાખીએ...

**સ્પર્શમણિ :**

પિતા બની જવું સહેલું છે, પરંતુ પિતા સાબિત થવું ખૂબ અઘરું છે.
વિલ્હેમ બુશ

● ● ●

પ્રતિજ્ઞાઓ કરતાં પ્રયત્નો વધુ શ્રેષ્ઠ હોય છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### યુદ્ધના ભણકારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારક છે. બન્ને પૃથ્વી તત્વની રાશિમાં યુતિ કરે છે. ગુરુ અને સુર્ય શનિદેવની વાયુ તત્વની કુંભરાશિમાં સ્થિત છે. આમ તા ૨૭ ફેબ્રુઆરીથી આગામી તા ૨૨ માર્ચ ૨૦૨૨ સુધી યુદ્ધ, અગ્નિ, પૃથ્વી, વાયુ અને જળ અને આકાશ પાંચેય તત્વોને અસરકર્તા થાય તેવી સંભાવનાઓ નકારી શકાય નહીં. સમગ્ર વિશ્વના દેશોની ભૌગોલિક અને ખગોળિક પરિસ્થિતિનુ અવલોકન કરતા ચીન , અમેરિકા, રશિયા અને કંઈક અંશે જાપાન તથા યુરોપના દેશોમાં આ યુધ્ધ ઉત્પાતની વિશેષ સંભાવના છે. જયારે ભારત આ યુદ્ધના વિનાશમાંથી બાકાત રહે તેવી ગ્રહ પરિસ્થિતિ જણાંય છે. તેમણે આ તબક્કે જણાંવ્યુ હતુ કે ગ્રહોની પરિસ્થિતિ માનવજાતે ધર્મના મુળસ્તંભ દયા, કરુણા અને ક્ષમાને મજબુત અને જીવંત રાખવા પડશે. તા ૨૯ એપ્રિલ વર્ષ ૨૦૨૨ થી શનિદેવ કુંભરાશિમાં પરિભ્રમણ કરતા ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડશે તેમ પણ જણાંઇ રહ્યુ છે.

### ગરમીનો મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાગોમાં પુર્વ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ભાગો અને અન્ય વિસ્તારમાં પણ માવઠુ થવાની સંભાવના છે. આગામી તા ૭ એપ્રિલથી સાગરકાંઠે હલચલ જોવા મળે તા ૨૦ એપ્રિલ બાદ ધુળભર્યા તોફાન વંટોળ અને સાગર કાંઠે મોજા ઉછળશે. કરા પડવાની સંભાવના રહેશે. એપ્રિલમાં ફુંકાતા પવનની ગતિ ચોમાસની પેટર્ન પર અસર કરશે. વળી એપ્રિલમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે બરફ વર્ષાની અસર પણ સંભવિત ચોમાસા પર થશે.

### ઠંડી અદ્રશ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હવામાન તજજ્ઞોનાના મતે ફેબ્રુઆરીના અંત સાથે જ વાતાવરણમાં ગરમીનુ જોર વધવા લાગશે. જયારે માર્ચ મહીનામાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થઈ જવાની સંભાવના છે. જયારે અત્યારથી જ મહત્તમ તાપમાન ૩૩ થી ૩૪ ડીગ્રીની આસપાસ જોવા મળે છે. જેથી નજીકના દિવસોમાં જ ગરમી ૩૫ ડીગ્રી ઉપર આવી જશે તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. શિયાળાની આકરી ઠંડી બાદ હવે નગરજનોએ ઉનાળાની અંગ દઝાડતી ગરમી સહન કરવા તૈયાર રહેવુ પડશે.

### નવા મકાન માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચો.મી.માં જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું નિવાસસ્થાન બનાવવાની બાબત પણ છે.

આ પછી સરકારે વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખની અલગ-અલગ રજુઆતો બાદ હવે નવા મકાન માટેનો નિર્ણય લઈ લીધો છે પણ જગ્યા ફાળવણી ક્યાં કરવી તે અંગે તેમજ કેટલી સહાય આપવી તેની વિધિવત જાહેરાત વિધાનસભાના બજેટસત્રમાં થશે. સચિવાલયના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ત્રણથી ચાર જિલ્લા પંચાયતોના નવા મકાનોના નિર્માણ માટેની જાહેરાત કરવામાં આવશે.

### ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂછપરછ કરવામાં આવી રહી છે. થોડા દિવસ પહેલા ઈડીએ ઈકબાલ કાસકરને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધો હતો. ઈકબાલે ઈડીને જે કંઈ જણાવ્યું તેના આધારે જ નવાબ મલિકની પૂછપરછ કરવામાં આવી હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. નવાબ મલિકની ધરપકડ પર એનસીપીના વડા શરદ પવારે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે નવાબ મલિક ઘણા સમયથી ભાજપ વિરુદ્ધ બોલી રહ્યા હતા, આ કાર્યવાહી આ જ કારણે કરવામાં આવી છે. નવાબ મલિકનું નામ હવે દાઉદ સાથે જોડવામાં આવી રહ્યું છે. મને એ વાતનો અંદેશો હતો જ કે આવનારા દિવસોમાં નવાબ મલિકને આ પ્રકારે પરેશાન કરવામાં આવશે.

શિવસેનાના સાંસદ સંજય રાઉતે નવાબ મલિકની ધરપકડ અંગે જણાવ્યું હતું કે ભાજપ અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવનારા લોકોને કેન્દ્રિય તપાસ એજન્સીઓ દ્વારા ડરાવવા તેમજ ધમકાવવામાં આવે છે. આજે ઈડીએ પણ તે જ કર્યું છે. તેમમે સવાલ કર્યો હતો કે મહાવિકાસ અઘાડીના નેતાઓ પર જ ઈડીની કાર્યવાહી કેમ થઈ રહી છે? શું ભાજપના નેતાઓ સામે કોઈ કેસ છે જ નહીં? શું તે બધા દૂધના ધોયેલા છે? તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સાંજ સુધીમાં નવાબ મલિક ચોક્કસ મુક્ત થઈ જશે.

### ૨૪૨ ભારતીયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી હતી. યુક્રેનમાં ફસાયેલા ભારતીય નાગરિકો પૈકી બહુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ છે. જેમાંથી મોટાભાગના મેડિકલ સ્ટુડન્ટ્સ છે. એર ઈન્ડિયાના વિમાને આ પહેલા યુક્રેન માટે ક્યારેય ઉડાન ભરી નથી, પરંતુ આ સંકટ સમયે યુક્રેનમા ફસાયેલા ભારતીયોને બચાવવા માટે સરકારે લીધેલા નિર્ણયને આધિન એર ઈન્ડિયાના બોઈંગ જેટ યુક્રેન જશે અને ત્યાંથી ભારતીયોને લઈને સ્વદેશ પાછી ફરશે. નોંધનીય છે કે, કેન્દ્ર સરકારે યુક્રેનમાં ફંસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને સ્વદેશ પાછા લાવવા માટે અભિયાન શરૂ કરતાં એર ઈન્ડિયાની ફ્લાઈટનું સંચાલન કર્યું છે. રિપોર્ટ મુજબ યુક્રેનમાં ફસાયેલા ભારતીયો સાથે વિમાન મંગળવારની રાતે આશરે ૧૦.૩૦ વાગ્યે દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પરત ફરવાનું હતું, પરંતુ કોઈ કારણોસર ફ્લાઈટ મોડી પડી હતી. આ ફ્લાઈટે દિલ્હીથી સવારે સાડા સાત વાગ્યે યુક્રેન માટે ઉડાન ભરી હતી. જે યુક્રેનના કીન સ્થિત એરપોર્ટ પર આશરે ૩ વાગ્યે પહોંચ્યું હતું. રશિયા અને યુક્રેન વચ્ચે વધતાં તણાવને કારણે ભારત સરકારે નાગરિકોને સ્વદેશ પાછા આવવા માટે સલાહ આપી છે. આ મુદ્દે કેન્દ્રીય મંત્રી મીનાક્ષી લેખીનું કહેવુ છે કે, યુક્રેનમાં ફંસાયેલા ભારતીયોએ ડરવાની જરુર નથી. ભારત સરકારે એડવાયઝરી જાહેર કરી છે અને યુક્રેનમાં રહેતા બધા ભારતીયો ઈન્ડિયન એમ્બેસીના સંપર્કમાં રહે.

### અંકુશનો નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રિપ્ટોની પ્રિન્ટ/વિઝ્યુઅલ અને ઓડિયો એડવર્ટાઝમેન્ટમાં સ્ટાન્ડર્ડ ડિસ્કોઝર આપવા આદેશ કરાયો છે. પ્રમોશન અને એડવર્ટાઝમેન્ટમાં ડિસ્કલોઝરમાં ક્રિપ્ટો ઉત્પાદનો અને એનએફટીસ અનિયંત્રિત છે અને તે અત્યંત જોખમી હોઈ શકે છે. આવા વ્યવહારોથી થતા નુકસાન માટે કોઈ નિયમનકારી સહાય-સપોર્ટ મળવાપાત્ર નથી. આ સિવાય સંબંધિત જાહેરાતોમાં "કરન્સી", "સિક્યોરિટીઝ", "કસ્ટોડિયન" અને "ડિપોઝિટરીઝ" શબ્દોનો ઉપયોગ કરી શકાશે નહીં કારણ કે ગ્રાહકોના માનસપટ પર આ પ્રકારના શબ્દો તેનું નિયંત્રિત સંચાલન અને તેને કાયદેસરની સમજ ઉભી કરી છે.

### પ્રતિબંધ લગાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જર્મનીએ ઝટકો આપતા ચાન્સેલર ઓલાફ શોલ્જે જાહેર કર્યુ કે, તેમના દેશે નોર્ડ સ્ટ્રીમ ૨ ગેસ પાઈપલાઈનના અપ્રૂવલ પ્રોસેસને રોકી દીધી છે. ૧૧ બિલિયન ડોલરની આ ગેસ પાઈપલાઈન બાલ્ટિક સાગરમાંથી થઈને રશિયાના સાઈબેરિયાથી જર્મની સુધી જશે. આ પાઈપલાઈન રશિયા અને જર્મનીની વચ્ચે પહેલાથી ચાલી રહેલાં નોર્ડ સ્ટ્રીમ ૧ની ક્ષમતાને લગભગ બે ગણી કરી દેશે. રશિયા આ પાઈપલાઈન દ્વારા યૂરોપના બીજા દેશો સુધી પોતાના ગેસને પહોચાડવાનું સપનું જોઈ રહ્યું હતું. જર્મનીના આ નિર્ણયથી રશિયાએ તિખી પ્રતિક્રિયાઆપી છે. પૂર્વ પ્રધાનમંત્રી અને વર્તમાનમાં રશિયા સંઘની સુરક્ષા પરિષદના ઉપાધ્યક્ષ દિમિત્રી મેદવેદેવે કહ્યું કે, યૂરોપના લોકોને ટૂંક સમયમાં આની મોટી કિંમત ચૂકવવી પડશે.

બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસેને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના દોસ્તની રોસિયા બેંક પર તો પ્રતિબંધ લગાવ્યો, સાથે જ રશિયા કુલીન ટિમચેંકો અને રોટેનબર્ગ બ્રદર્સની સંપતિઓને ફ્રિજ કરી છે.